# જાહેરનામું

**પોલીસ કમિશનર,અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(એન),૩૬(ઈ)(એ) અને ૩૮ મુજબના હુકમ ક્રમાંક: ગ/ઉપક/૨૫ /૨૦૧૭, તા:૧૮/૦૯/૨૦૧૭**

અમદાવાદ શહેર,પોલીસ કમિશનર હકુમત હેઠળના વિસ્તારમાં જાહેર જનતાને થતી હેરાનગતિ અટકાવવા માટે ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ની કલમ-૩૩(એન),૩૬(ઈ)(એ) અને ૩૮ હેઠળ મળેલ સત્તાની રુએ હું એ.કે.સિંઘ,પોલીસ કમિશનર,અમદાવાદ શહેર આથી ફરમાવું છું કે,નીચે જણાવેલ વિસ્તારમાં **તા:૨૧/૦૯/૨૦૧૭ થી તા:૨૯/૦૯/૨૦૧૭** સુધી કોઈ પણ ખાનગી કે જાહેર સ્થળે **રાત્રીના સમય કલાક:૧૨:૦૦** વાગ્યા પછી કોઈપણ ગરબા,રાસ-ગરબા કે કાર્યક્રમમાં માઈક તથા લાઉડ સ્પીકર ચાલુ રાખી શકાશે નહીં.માઈક તથા લાઉડ સ્પીકરનો ઉપયોગ નોઈસ પોલ્યુશન(રેગ્યુલેશન એન્ડ કંન્ટ્રોલ) રુલ્સ-૨૦૦૦ની કલમ ૫(૨)(૩)ની જોગવાઈઓને આધિન તથા ગુજરાત સરકારના વન અને પર્યાવર વિભાગના તા:૨૧/૦૩/૨૦૧૭ના જાહેરનામા મુજબ રાત્રીના ૧૨:૦૦ વાગ્યા સુધી કરવાનો રહેશે.રાત્રીના ૧૨:૦૦ બાદ કોઈ પબ્લીક એડ્રેસ સિસ્ટમ વાજીંત્ર કે ઢોલ પણ વગાડવો નહીં.

## વિસ્તાર

**અમદાવાદ શહેર,પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર**

ઉપરોક્ત હુકમનો ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ- ૧૩૧ ,૧૩૪ , ૧૩૫,૧૩૬ અને ઈપીકો કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે,આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રો,આકાશવાણી કે દુરદર્શન ઉપરથી જાહેરાત કરાવવી.

આજ રોજ તા:૧૮/૦૯/૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

તા: ૧૮/૦૯/૨૦૧૭
અમદાવાદ શહેર

પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

(P.T.O)